# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-12-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : MONDAY** **National News**

નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)

સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જવા રવાના થશે.
2) રેલવેએ 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૯૯ ટકાથી વધુ વીજળીકરણનું કામ પૂર્ણ કર્યું
3) ઓસ્ટ્રેલિયામાં, સિડનીના બોન્ડી બીચ પર થયેલા ગોળીબારમાં મૃત્યુઆંક વધીને 15 થયો - દુઃખની ઘડીમાં ભારત ઓસ્ટ્રેલિયાની પડખે..
4) અમેરિકી સરકાર આજથી H-1B અને H-4 વિઝા અરજદારોની વિસ્તૃત ચકાસણી શરૂ કરશે
5) ભારતે પાંચ મેચની ટી૨૦ શ્રેણીની ત્રીજી મેચમાં દક્ષિણ આફ્રિકાને સાત વિકેટથી હરાવ્યું.

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જવા રવાના થશે.

મુલાકાતના પ્રથમ તબક્કામાં , શ્રી મોદી રાજા અબ્દુલ્લાહ બીજા ઇબ્ન અલ-હુસૈનના આમંત્રણ પર જોર્ડનની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી મોદી જોર્ડનના રાજા સાથે દ્વિપક્ષીય સંબંધોના તમામ ક્ષેત્રોની સમીક્ષા કરશે અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

પ્રસ્તુત છે આ અંગે અહેવાલ..

(બાઈટ –રાજેશ મીના )

પ્રધાનમંત્રી આવતીકાલે ઇથોપિયા માટે રવાના થશે. આ મુલાકાત માં તેઓ ઇથોપિયાના પ્રધાનમંત્રી સાથે ભારત-ઇથોપિયા દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર વ્યાપક ચર્ચા કરશે.

મુલાકાતના અંતિમ તબક્કામાં , પ્રધાનમંત્રી ઓમાનની યાત્રા કરશે અને સુલતાન હૈથમ ઇબ્ન તારિક સાથે મુલાકાત કરશે.

. . . . . . . . . . . . . . . . . .

# MEA - BANGLADESH

ભારતે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ભારત ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને તેમના સમર્થકોને ભડકાઉ નિવેદનો આપવાની મંજૂરી આપી રહ્યું છે.

વિદેશ મંત્રાલયએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ભારતે હંમેશા બાંગ્લાદેશમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મુક્ત , ન્યાયી, સમાવેશી અને વિશ્વસનીય ચૂંટણીઓ યોજવા માટે પોતાના સમર્થનનો પુર્નોચ્ચાર કર્યો છે. વધુમાં , ભારતે ક્યારેય બાંગ્લાદેશના લોકોના હિતોને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ માટે તેના પ્રદેશનો ઉપયોગ થવા દીધો નથી. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ભારત અપેક્ષા રાખે છે કે બાંગ્લાદેશની વચગાળાની સરકાર શાંતિપૂર્ણ ચૂંટણીઓ સહિત આંતરિક કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

. . . . . . . . . . . . . . . . . . .

# REV RAILWAYS ELECTRIFICATION

રેલવેએ 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 99 ટકાથી વધુ વીજળીકરણનું કામ પૂર્ણ કરી લીધું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર , 2019 થી 2025 ની વચ્ચે 33 હજાર કિલોમીટરથી વધુ રૂટનું વીજળીકરણ કરવામાં આવ્યું છે જે લગભગ જર્મનીના સમગ્ર રેલ્વે નેટવર્ક જેટલું છે. આ દેશની સ્વચ્છ અને કાર્યક્ષમ રેલ પરિવહનના વિસ્તરણની ક્ષમતા દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . .

# AUSTRALIA SHOOTING

ઓસ્ટ્રેલિયામાં, યહૂદીઓના હનુક્કાહના તહેવારના પહેલા દિવસે સિડનીના બોન્ડી બીચ પર થયેલા ગોળીબારમાં મૃત્યુઆંક વધીને 15 થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયન પોલીસે આ ગોળીબારને આતંકવાદી ઘટના ગણાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કથિત ગોળીબાર કરનારા પિતા અને પુત્ર હતા , જેમની ઉંમર 50 અને 24 વર્ષ છે. પિતાનું મૃત્યુ થયું છે, અને પુત્ર હોસ્પિટલમાં દાખલ છે અને પોલીસ કસ્ટડીમાં છે. બે પોલીસ અધિકારીઓ સહિત 42 લોકો ઘાયલ થયા છે. ઘટનાસ્થળેથી છ હથિયારો અને બે ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ઉપકરણો મળી આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે આ દુઃખની ઘડીમાં ભારત ઓસ્ટ્રેલિયાના લોકોની સાથે ઉભું છે. શ્રી મોદીએ કહ્યું કે ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે અને આતંકવાદના તમામ સ્વરૂપો સામેની લડાઈને સમર્થન આપે છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પણ આતંકવાદી હુમલાની નિંદા કરી અને કહ્યું કે ભારત પીડિતો અને તેમના પરિવારોની પડખે ઊભું છે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NESTS- CONCLAVE

નેશનલ ટ્રાઇબલ સ્ટુડન્ટ્સ એજ્યુકેશન સોસાયટી – NESTS આવતીકાલથી નવી દિલ્હીમાં બે દિવસીય પ્રિન્સિપાલ્સ કોન્ક્લેવનું આયોજન કરશે.

આ કાર્યક્રમ , દેશભરમાં એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ( EMRS) ના આચાર્યોની શૈક્ષણિક , વહીવટી, નાણાકીય અને નેતૃત્વ ક્ષમતાઓને મજબૂત બનાવવાના મુખ્ય ક્ષમતા-નિર્માણ પહેલ છે. આદિજાતિ બાબતોના મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે કે કોન્ક્લેવનો મુખ્ય વિષય EMRS ખાતે ચાલી રહેલા પ્રોજેક્ટ્સ, મુખ્ય પહેલો અને ભાગીદાર-સમર્થિત કાર્યક્રમો પર આચાર્યોને માર્ગદર્શન આપવાનો છે. મંત્રાલયે માહિતી આપી હતી કે આ કોન્ક્લેવ EMRS ના 499 આચાર્યોને એકસાથે લાવશે , જે NESTS ના શાળા નેતૃત્વને સશક્ત બનાવવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરશે , ખાસ કરીને EMRS ના ઝડપી વિસ્તરણ અને શાળા વ્યવસ્થાપનની વધતી જટિલતાને ધ્યાનમાં રાખીને. આ કાર્યક્રમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને NESTS ની વ્યૂહાત્મક પ્રાથમિકતાઓને અનુરૂપ આચાર્યોને અપડેટેડ જ્ઞાન, પ્રક્રિયાગત સ્પષ્ટતા અને નેતૃત્વ ક્ષમતાઓથી સજ્જ કરવા માટે યોજવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . .

# MAHA- DRUGS SEIZED

માદક દ્રવ્યોના વેપાર પર મોટી કાર્યવાહીમાં , ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં મેફેડ્રોન (MD) ઉત્પાદન એકમનો પર્દાફાશ કરી અંદાજે 115 કરોડ રૂપિયાના ડ્રગ્સ અને કાચો માલ જપ્ત કર્યો . આ કેસમાં કુલ સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈના મુલુંડમાં બે આરોપીઓની ધરપકડ સાથે આ કાર્યવાહી શરૂ થઈ હતી, જેમની પાસેથી ક્રાઈમ બ્રાન્ચે 136 ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યો હતો. વધુ તપાસ દરમિયાન મળેલી માહિતીના આધારે , સતારા જિલ્લાના એક ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ કામગીરી દરમિયાન, પોલીસે સંપૂર્ણ રીતે કાર્યરત મેફેડ્રોન ઉત્પાદન ફેક્ટરી શોધી કાઢી. અધિકારીઓએ સાડા સાત કિલોગ્રામ સોલિડ મેફેડ્રોન , 38 કિલોગ્રામ લિક્વિડ મેફેડ્રોન, તેમજ ડ્રગ ઉત્પાદન માટે વપરાતા કાચો માલ અને સાધનોનો મોટો જથ્થો જપ્ત કર્યો.

. . . . . . . . . . . . . . . . . . .

# US VISA

અમેરિકી સરકાર આજથી H-1B અને H-4 વિઝા અરજદારોની વિસ્તૃત ચકાસણી શરૂ કરશે, જેમાં તેમની સોશિયલ મીડિયા પ્રોફાઇલ્સ તપાસવાનો પણ સમાવેશ થાય છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ..

(બાઈટ - મનોજ)

આ નવો નિર્દેશ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ઇમિગ્રેશન પર કડક કાર્યવાહી વધારવા માટે લેવામાં આવેલ નવીનતમ પગલું છે.

. . . . . . . . . . . . . . . . . . .

# IND - SA T20 CRICKET

ભારતે પાંચ મેચની ટી૨૦ શ્રેણીની ત્રીજી મેચમાં ગઇકાલે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટથી હરાવ્યું.

ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં દક્ષિણ આફ્રિકાના ૧૧૮ રનના લક્ષ્યાંકના જવાબમાં , ભારતે ૧૫ ઓવર અને પાંચ બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને ૧૨૦ રન બનાવ્યા. અભિષેક શર્માએ સૌથી વધુ ૩૫ રન બનાવ્યા, જ્યારે તિલક વર્મા ૨૫ રન બનાવી અણનમ રહ્યા.

આ પહેલા , ભારતે ટોસ જીતી બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત વીસ ઓવરમાં તમામ વિકેટ ગુમાવીને ૧૧૭ રન બનાવ્યા. કેપ્ટન એડેન માર્કરામે સૌથી વધુ ૬૧ રન બનાવ્યા. ભારત માટે અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી. આ જીત સાથે, ભારતે પાંચ મેચની શ્રેણીમાં બે-એકની સરસાઈ મેળવી લીધી છે.

શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનૌમાં રમાશે. અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ અલગ અલગ  સમાચારોની હેડલાઈન બનાવી છે....
- ગુજરાત સમાચાર પ્રથમ પાને પર લખે છે સિડનીમાં આતંકી હુમલો- 11 યહુદીઓનાં મોત...
- સંદેશ લખે છે સિડનીમાં યહૂદીઓ પર આતંકી હુમલો 12 મોત....
- દિવ્ય ભાસ્કર લખે છે બિહારના મંત્રી નીતિન નવીનના હાથમાં ભાજપની કમાન... લાયસન્સ ભાડે આપનારા ફાર્માસિસ્ટને હવે 1 હજારને બદલે 3 લાખનો દંડ અને જેલ પણ થશે...
- વોટ ચોરી વિરૂદ્ધ કોંગ્રેસની જંગી રેલીમાં ભાજપ , ચૂંટણીપંચ પર પ્રહારો આ સમાચાર છે નવગુજરાત સમયના...
- આ સાથેજ સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો સીએમ , ડેપ્યુટીસીએ દિલ્હી જઈ આવ્યા, હવે સંગઠનની બાકી નિમણૂકો થશે....ઠંડીમાં આંશિક ઘટાડો- દાહોદ 10.9 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર....ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં હાર્ટ એટેકથી 2.97 લાખથી વધુના મોત- 9 ગણો વધારો...

. . . . . . . . . . . . . . . . . .